ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક : બીઝેડ/ફોરમ/૦૯/૧૮–૧૯/ 3052 તારીખ: 7 JUL 2018

**આર.પી.એ.ડી.**

**કેસ નં.: ૦૯/૧૮–૧૯**

પ્રતિ,
શ્રી રમેશભાઈ શામજીભાઈ શેખ,
રહે.ઝોબાળા, તા.ચુડા,
જી.સુરેન્દ્રનગર.

**વિષય: નવા ખેતીવાડી વીજ કનેકશન મળવા બાબત.**

સંદર્ભ: (૧) આપનો પત્ર તા.૦૨–૦૪–૧૮
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૦૯/૧૮–૧૯/૧૫૩૫ તા.૦૬/૦૪/૨૦૧૮.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૦૯/૧૮–૧૯/૨૭૫૭ તા.૨૦/૦૬/૨૦૧૮.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા.૨૯/૦૬/૨૦૧૮ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

(એમ.પી. સોલંકી)
કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

**બિડાણ:– ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **લીંબડી**

*........ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **સુરેન્દ્રનગર.**
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **ચુડા.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☛ કેઈસ નંબર – ૦૯/૧૮–૧૯ ☚

વાદી :– શ્રી રમેશભાઈ શામજીભાઈ શેખ

◈ વિરૂધ્ધ ◈

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ રજુઆતની તારીખઃ– ૨૯/૦૬/૨૦૧૮ ◈

હાજર રહયા :– શ્રી રમેશભાઈ શામજીભાઈ શેખ (વાદીશ્રી પોતે)

પ્રતિવાદી :– શ્રી એચ.સી.ઠાકર, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, લીંબડી
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

શ્રી રમેશભાઈ શામજીભાઈ શેખ, મુ.ઝોબાળા, તા.ચુડા, જી.સુરેન્દ્રનગર ની નવા ખેતીવાડી વીજ કનેકશન મળવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૦૯ / ૧૮–૧૯ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગર ને પત્ર નં.બીઝેડ/ફોરમ/ ૦૯ / ૧૮–૧૯/ ૧૫૩૫ તા.૦૬/૦૪/૨૦૧૮ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૨૯/૦૬/૨૦૧૮ નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી શ્રી રમેશભાઈ શામજીભાઈ શેખ પોતે હાજર રહેલ તથા પ્રતિવાદી શ્રી એચ.સી.ઠાકર, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, લીંબડી ઉપસ્થિત રહેલ.

☛ વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...

૧.૧ સુરેન્દ્રનગર જીલ્લાના ચુડા તાલુકાના મોજે ઝોબાળા ગામે રમેશભાઈ શામજીભાઈ શેખ નવા ખેતીવાડીનું વીજ જોડાણ મંજુર થયેલ.

૧.૨ પરંતુ અમોએ એક માસની સમયમર્યાદા વધારવાની અરજી તા-૧૬.૧૧.૨૦૧૭ ના રોજ અરજી કરેલ ત્યારબાદ પી.જી.વી.સી.એલ કચેરીની બાકી રકમ અમોએ ભરપાઈ કરીને અંદાજપત્રક કાઢી આપવા માટે અમોએ તારીખ–30.0૧.૨૦૧૮ બીજી અરજી કરેલ ત્રીજી અરજી સુરેન્દ્રનગર તા-૦૯.03.૨૦૧૮ ના રોજ અરજી આપેલ છે.

૧.3 આપ, સાહેબ ને યોગ્ય કાર્યવાહી કરવા અમોને અંદાજપત્રક મળે અમો રકમ ભરપાઈ કરીને વીજ જોડાણ અમોને મળે તે માટે આપ સાહેબને નમ્ર અરજ.

..❷..

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

☛ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>**

૨.૧ સદર વાદીને ચુડા પેટા વિભાગીય કચેરી ધ્વારા પત્ર ન- ૧૦૬૮૩ તા-૧૮.૦૯.૨૦૧૭ થી અંદાજપત્રક આવામાં આવેલ. જે અંદાજપત્રક ભરપાઈ કરવાની છેલ્લી તા-૧૭.૧૦.૨૦૧૭ હતી. પરંતુ વાદી ધ્વારા અંદાજપત્રક ભરપાઈ ન થતા તા-૧૭.૧૦.૨૦૧૭ ના રોજ ૩૦ દિવસની સમયમર્યાદા વધારી આપવા માટે અરજી કરવામાં આવેલ.

૨.૨ જે અન્વયે ચુડા પેટા વિભાગીય કચેરીના જુનિયર ઈજનેર ધ્વારા તા-૨૭.૧૦.૨૦૧૭ ના રોજ ઈ-ઉર્જા સિસ્ટમમાં વર્કફ્લો લોન્ચ કરવામાં આવેલ. જે વર્કફ્લો તા-૨૭.૧૨.૨૦૧૭ ના રોજ એપ્રુવ કરવામાં આવેલ.

૨.૩ ત્યારબાદ વાદી ધ્વારા ફરીથી તા-૦૯.૦૫.૨૦૧૮( ઇન વર્ડ ન-૯૨૭ તા-૧૪.૦૫.૨૦૧૮) ના રોજ ૩૬૫ દિવસ ની મુદત વધારી આપવા માટે અરજી કરવામાં આવેલ. તે મુજબ ચુડા પેટા વિભાગીય કચેરી ધ્વારા તા-૧૪.૦૫.૨૦૧૮ ના રોજ ફરીથી ઈ-ઉર્જા સિસ્ટમમાં વર્કફ્લો લોન્ચ કરી મંજુરી માંગવામાં આવેલ છે. આ જરૂરી મંજુરી મળ્યે અંદાજપત્રક ભરાવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જે આપ સાહેબશ્રી ની જાણ સારું.

☛ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

**૩.૧ વાદી અરજદાર શ્રી રમેશભાઈ શામજીભાઈ શેખ એ ગામ–ઝોબાળા તા.૨૦–૦૮–૧૭ ના રોજ નવા ખેતીવાડી વીજ જોડાણ માટે પ્રતિવાદીની કચેરીમાં અરજી નોંધણી કરાવેલ.**

**૩.૨ પ્રતિવાદી ધ્વારા વાદીને પત્ર નં.૧૦૮૬૩ તા.૧૮–૯–૧૭ ના રોજ અંદાજપત્ર આપવામાં આવેલ, જે ભરપાઈ કરવાની છેલ્લી તા.૧૭–૧૦–૧૭ હતી. પ્રતિવાદીએ વાદીને આપેલ અંદાજપત્રની રજી.પોસ્ટની રસીદ રજુ કરેલ હતી.**

**૩.૩ વાદીએ તા.૧૭–૧૦–૧૭ ના રોજ પ્રતિવાદીને તેઓના અંદાજપત્રની એક માસની સમયમર્યાદા વધારવા માટે અરજી કરેલ, પરંતુ તે સમય મર્યાદા થયા પહેલાં એક માસનો સમય પસાર થઈ ગયેલ.**

**૩.૪ વાદીને અંદાજપત્રની સમયમર્યાદાની મંજુરી નહી મળવાથી તા.૧૬–૧૧–૧૭ ના રોજ પ્રતિવાદીને સમયમર્યાદા વધારી આપવા અને અંદાજપત્ર આપવા ફરીથી અરજી કરેલ, જેના પર પ્રતિવાદીએ કોઈ કાર્યવાહી કરેલ નહી.**

**૩.૫ વાદીએ ફરીથી તા.૩૦–૧૧–૧૭ ના રોજ તેમજ તા.૯–૩–૧૮ ના રોજ પ્રતિવાદીને તેના અંદાજપત્ર આપવા માટેની રજુઆત કરેલ.**

**૩.૬ વાદીને આપવામાં આવેલ અંદાજપત્ર મળ્યાની પહોંચ પ્રતિવાદીએ રજુ કરેલ ન હોઈ તેમજ વાદીએ સમયાંતરે સમયમર્યાદા વધારવા માટે કરેલ અરજી પર પ્રતિવાદી ધ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવેલ ન હોઈ વાદી તેના નવા વીજ જોડાણ માટેની અંદાજપત્રની રકમ ભરી શકેલ નથી.**

..૩..

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

–:: હુકમ ::–

- વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં.૩.૬ મુજબ વાદીને અંદાજપત્રની સમયમર્યાદા વધારેલ ન હોઈ પ્રતિવાદીને હુકમ કરવામાં આવે છે કે વાદીએ કરેલ નવા ખેતીવાડી વીજ જોડાણ માટેનું અંદાજપત્ર ફરીથી આપવું, જે ભરપાઈ થયે વાદીના વીજ જોડાણ માટેની કાર્યવાહી નિયમ મુજબ કરવી.
- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

(બી. જે. દવે)
સ્વતંત્ર સભ્યશ્રી

ગેરહાજર
(પી. એચ. માવાણી)
ટેકનીકલ સભ્યશ્રી

(એમ. આર.વજરીયા)
અધ્યક્ષશ્રી,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.

તારીખ :–૨૯/૦૬/૨૦૧૮

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar